પિતાવિહોણી, માના આધારે જીવતી અનાથ છે, નાયક પણ અનાથ છે. વયની દૃષ્ટિએ કોઈ મેળ નથી, કેમકે રૂપાળી ચકોર કમળા જ્યારે આઠ જ વર્ષની હતી ત્યારથી નાયક એને રમાડતો આવ્યો છે, ભણાવતો રહ્યો છે. પછી તો કઠોર હૃદયની પાપી માતા કોઈ રાજપૂત જોડે નાસી નીકળે છે ને મોટી વયના નાયકના આશરે રહેલી અંત પર્યંત 'મારી' કમલા બની રહે છે. ભાગી છૂટેલી મા પછી આવીને દીકરી-જમાઈ વચ્ચે વિચ્છેદનું બીજ રોપે છે તોયે કમલા પ્રત્યેનું સૌંદર્ય-આકર્ષણ ટકી રહે છે. દેશનિકાલ થઈ જવાનું કબૂલી તે પાછો ફરે છે ત્યારે ક્ષયગ્રસ્ત કમલાનું ઓચિંતું દર્શન આંચકો આપે છે, 'મારી' કમલા જે એક કાળે પ્રેમમૂર્તિ હતી દેહ છોડી ચાલી નીકળે છે !

રશિયન નવલકથાકાર નોબોકેવે પ્રૌઢ વયના નાયકની, દીકરીની ઉંમરની 'લોલિતા' પ્રત્યેની પ્રસક્તિ નિરૂપી એ પૂર્વે કદાચ અહીં ગુજરાતમાં તો મુનશીએ 'કાકાની શશી' નાટકનું હળવી રોમાન્ટિક શૈલીમાં સર્જન કરેલું.' અહીં સાસુનું ચરિત્ર નાટક અને સિનેમાના વેમ્પ-ખલનાયિકાઓની ચાલમાં ઊતર્યું છે. વા-ર-તાનું નામ 'વડીલોના વાંકે' નાટકની પેઠે – 'સાસુના વાંકે' રાખ્યું હોત તો ખોટું ના થાત ! લેખકની મર્યાદા, પ્રસંગના વર્ણનને જતું કરી, એકપક્ષી ઊર્મિલ ઉભરા ઠાલવવામાં છતી થાય છે. દા.ત. અંતિમ ઉદ્ગાર 'કોને દુશ્મન ગણું ? દુનિયાને કે દુર્દૈવને ? વિષય વાસ્તવિકતાનું આવું આત્યન્તિક આત્મલક્ષી કથન ઊંચી કળાત્મકતા ક્યારેક જ સિદ્ધ કરી શકે છે. બાકી પરમ્પરાગત વાર્તાક્ષેત્રે આવી 'બોલ્ડ થીમ'ને મૂર્ત કરવાની મથામણ મુનશીએ જ દેખાડી, એને દાદ દેવી પડે.'

### ૩. સ્ત્રીહૃદય : ધૂમકેતુ

રંગદર્શી નવલિકાકાર રૂપે પ્રતિષ્ઠિત ધૂમકેતુ કૌતુકરાગ જાળવી રાખી એક ક્લાસિક સસ્પેન્સભર વાર્તા આપી શક્યા છે. મધરાત. ચન્દ્રનો ઉજાસ. ઘુવડનું ઘૂઘૂ...ઘૂ 'બંધૂક'ની ગોળી. ચળકતી છરીનો વિનિયોગ. બે મિયાણા વચ્ચે જૂની ધર્મશાળામાં ફસાયેલો વણિક

નાયક – આ બધું એક વિશિષ્ટ માહોલ રચે છે. (જયંત ખત્રીની ભાવસૃષ્ટિ ક્યાંક ક્યાંક યાદ આવી જાય.)

મોડી રાતની ટ્રેનમાંથી ઊતરી નાયકને હમસફર મિયાણી ઓરત અને નાના બાળક સાથે ધર્મશાળામાં રાતવાસો કરવાની ફરજ પડે છે. ત્યાં થોડેક દૂર એક કોળી જેવો માણસ બેઠો થતાં અજાણી ઓરત સાથે એમની જોમદાર તળપદી બોલીમાં સંવાદ આરંભાય છે. કોળી જેવો માણસ પણ મિયાણો નીકળે છે, જે આ બાઈના બીજીવારના પતિને ગોળીએ દઈ નાસતો ફરતો ગુનેગાર છે અને ઘટસ્ફોટ થતાં એ તો આ ઓરતનો જ દીકરો સાબિત થાય છે ! હાલ બાઈનું કોઈ નથી, ગિરમાં આવા આ પુત્રને જ મળવા જતી હોય છે. મા-દીકરાનો અચાનક અકસ્માતે ભેટો થતાં ખૂનનો આરોપ મા પોતાને માથે લેવાના આગ્રહમાં જીતી જાય છે. વણિકનાયક અંતે બંને જણને વંડી ઠેકી જતાં જોઈ રહે છે, ને ઘુવડ ઘૂઘૂ કરે છે...

વાર્તાનું નામ 'માતૃહૃદય' વધુ ઉપર્યુક્ત છે. ઘટનાનો પટ, નાટકમાં આવતા સંવાદની શૈલીમાં ખૂલતો જાય છે. સનસનાટી, આકસ્મિક મેળાપ, ભેદભરમ સંભરવામાં કુશળ કલમ સફળ થઈ ગણાય. વણિક નાયક ભીરુ છે, ગીની ચોરાવાની ભીતિ સાથે જાગતો રહે છે. પણ બબ્બે પતિની થઈને અંતે એકલી નિરાશ્રિત થનારી મિયાણીનું ચરિત્ર જેટલું સંકુલ એટલું બહુ આયામી બન્યું છે. બીજી વારકા પતિને બંધૂકે દેનાર, આગલા પતિથી થયેલા પુત્ર માટે ખૂનનો આરોપ ઓઢવા તત્પર સ્ત્રીહૃદયની શક્તિનું ચિત્રણ પ્રભાવક છે. બાઈ સાચું જ બોલી છે, 'તમે ભાયડા બંધૂક ખાઈ જાણો, જીવતા અંગારા તો અમે બાઈ માણસ જ જીરવીએ !' ધર્મશાળાનો રામાયણપાઠી મહારાજ 'મસલમાનને રે'વાનો હુકમ નથી' કહે છે ખરો પણ આખરે માણસાઈ બતાવે છે.

### ૪. મુકુન્દરાય : રા. વિ. પાઠક 'દ્વિરેફ'

ગામડા ગામના કુલીન બ્રાહ્મણ રઘનાથ ભટનો દીકરો મુકુન્દરાય શહેરમાં વિજ્ઞાન ભણવા ગયો પણ આધુનિકતાના